# સે. ૨૪ના શાકમાર્કેટમાં રખડતાં ઢોરને ઝબ્બે કરવાની પ્રક્રિયા જોખમી બની

**એક તરફ ઢોરને ઝબ્બે કરવા આવેલી ટીમ અને બીજી તરફ ઢોરને ભગાડતાં પશુમાલિકોના કારણે ભાગમભાગ કરતાં ઢોરે એક બાળકને હડફેટે લઈ ઈજાગ્રસ્ત કર્યુ : રોજની સમસ્યાથી ત્રસ્ત વેપારીઓમાં તંત્રની કામગીરી સામે રોષ**

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યભરમાં લગભગ દરેક શહેરોમાં રખડતાં ઢોરની સમસ્યા માથાનો દુઃખાવો બની રહી છે. પાટનગર ગાંધીનગરમાં પણ આ મામલે તંત્ર દ્વારા વિવિધ આકરા પગલાં અને દંડનીય કાર્યવાહી કરવાની સૂફિયાણી વાતો વચ્ચે પણ રખડતાં ઢોરની સમસ્યાનો યોગ્ય રાહે ઉકેલ લાવવામાં તંત્ર ઉણું ઉતરતું જણાય છે, એટલું જ નહીં પરંતુ જે જુની પુરાણી રીતે રખડતાં ઢોરને ઝબ્બે કરવાની પ્રક્રિયા કરવામાં આવે છે તેના કારણે સમસ્યા ઉકેલવાના બદલે વધુ નુકસાનકારક બનતી જાય તેવી સ્થિતિ સર્જાતી જોવા મળે છે. આજે શહેરના ગીચ વસ્તી ધરાવતા સેક્ટર-૨૪ના શાકમાર્કેટ વિસ્તારમાં રખડતાં ઢોરને જબ્બે કરવા પહોંચેલી ટીમ અને તેની આગળ પાછળ પોતાના પશુને ઝડપાતુ અટકાવવા દોડતી પશુપાલકોની ગેંગના કારણે ભાગમભાગ કરી રહેલાં ઢોરની હડફેટે એક આશરે સાત વર્ષીય બાળક ઈજાગ્રસ્ત થયું હોવાની ઘટના બનવા પામી હતી. આ પરિસ્થિતિ વારંવાર સર્જાતી હોવાથી વેપારીઓમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

શહેરના સેક્ટર-૨૪માં લોકલ શાકમાર્કેટ વિકસેલુ છે તે વિસ્તારમાં સ્વાભાવિક રીતે જ રખડતાં ઢોરની સમસ્યા વધુ રહે છે કારણે નકામાં ફેંકી દેવાયેલા શાકભાજીના જથ્થાને આરોગવા મળી રહેવાની શક્યતા હોય છે. જોકે બપોર પછીના સમયે જ્યારે બજારમાં ગ્રાહકોની ભીડ વધે ત્યારે આ રખડતાં ઢોર જોખમી સાબિત થઈ શકે તેમ હોય છે કેમકે મોટેભાગે ગૃહિણીઓ તેમજ નિવૃત્ત નાગરિકો શાકભાજી ખરીદવા આવતાં હોય છે તેમજ અનેક ગૃહિણીઓ તેમની સાથે બાળકોને લઈને પણ આવતી હોય છે. રખડતાં ઢોરને ઝબ્બે કરવા માટેની ટીમ પણ ઘણીવાર આ સમયે ઢોર પકડવા પહોંચી જાય છે અને આ રખડતા ઢોરના માલિકો પણ ઢોર પકડ ટીમથી પોતાના પશુઓને બચાવવા અને દંડનીય કાર્યવાહીથી બચાવા બાઈકો પર સવાર થઈને ઢોરને ભગાડવા પ્રયાસ કરે છે. આ સ્થિતિમાં ગભરાયેલા ઢોર પણ આમ તેમ દોડાદોડ કરી મુકે છે જેના કારણે ભયાનક અને જોખણી સ્થિતિ પેદા થાય છે અને કેટલીકવાર તો ગૃહિણીઓ અને બાળકો રખડતાં ઢોરને જોઈને ડરીને ચીસાચીસ કરી મુકતાં હોય છે તો ક્યારેક કોઈ તેની હડફેટે પણ ચઢી જાય છે. આજે બપોરે પણ આ પ્રકારની સ્થિતિ સર્જાઈ હતી જેમાં ઢોરને ઝબ્બે કરવા આવી પહોંચેલી ટીમ અને ઢોરને પકડાઈ જવાથી બચાવવા બાઈકો લઈને આવી પહોચેલા પશુમાલિકોને ઢોરને દોડાવતા એક આશરે સાત વર્ષીય બાળક ઢોરની હડફેટે આવી જતા ઈજાગ્રસ્ત થયું હતું જેને પડી જવાથી શરીરે છોલાઈ જવા સાથે લોહી પણ નીકળ્યુ હતુ જેના કારણે તેને તુરંત સારવાર અર્થે નજીકના દવાખાને લઈ જવાયુ હતુ. સદભાગ્યે તેને સામાન્ય ઈજાઓ થઈ હતી પરંતુ આ પ્રકારની વારંવાર ઉદ્ભવતી પરિસ્થિતિ કોઈ બાળક, મહિલા કે વડીલનો ભોગ પણ લઈ શકે છે તેથી તંત્રએ પશુપાલકોની હરકતો પર લગામ મુકવા અંગે અને રખડતાં ઢોરને ઝબ્બે કરવાની યોગ્ય સલામત પદ્ધતિ અપનાવવા અંગે વિચારવુ જરૂરી જણાય છે. આ સાથે ભરચક શાકમાર્કેટ સહિતના રહેણાંક વિસ્તારમાં ઢોર ઝબ્બે કરવાની કાર્યવાહીના ટાઈમીંગ અંગે પણ વિચારવું જરૂરી બને છે.



### શાકમાર્કેટ ફરતે સુરક્ષા માટે ફેન્સિંગ જરૂરી

"સેક્ટર-૨૪નું શાકમાર્કેટ શહેરનું જુનુ અને મહત્વનું શાકમાર્કેટ છે તેમ છતાં અમારી અનેક રજુઆતોને અવગણવામાં આવી રહી છે. શાકમાર્કેટ ફરતે સલામતી અંગે ફેન્સિંગ કરવાની જરૂરિયાત માટેની માંગ અમે વર્ષોથી કરી રહ્યાં છીએ જેથી રખડતા ઢોરથી ગ્રાહકોને પણ બચાવી શકાય અને વેપારીઓના માલની પણ સુરક્ષા રહે. આ ઉપરાંત અમારા શાકમાર્કેટમાં પાકુ તળીયું અને સ્ટ્રીટલાઈટ સહિતની માંગ પ્રત્યે પણ ધ્યાન આપવામાં આવતુ નથી."

**- રમણલાલ વિરમગામીયા**

**પ્રમુખ, સેક્ટર-૨૪, શાકમાર્કેટ વેપારી એસોસિએશન**




**રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદનું અમદાવાદ એરપોર્ટ ખાતે ઉષ્માભર્યું સ્વાગત**

ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ ગુજરાતની બે દિવસીય મુલાકાત આવી પહોંચતા અમદાવાદ એરપોર્ટ ખાતે તેઓનું ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રોટોકોલમંત્રી જગદીશ વિશ્વકર્મા અને અમદાવાદના મેયર કિરીટભાઈ પરમાર દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, મુખ્ય સચિવ પંકજકુમાર, સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ એ.કે રાકેશ, રાજ્ય પોલીસ વડા આશિષ ભાટિયા, અમદાવાદ જિલ્લા કલેકટર સંદીપ સાંગલે અને શહેર પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે પણ ઉપસ્થિત રહી રાષ્ટ્રપતિનું સ્વાગત કર્યું હતું.



ખ-૫ થી ખ-૬ તરફ જતાં માર્ગે ગટરનું ઢાંકણ તુટી ગયુ છે. ગટરનું ઢાંકણુ ખુબ જ ખરાબ રીતે તુટેલુ હોવાથી અહીં અકસ્માત થવાનો ભય રહે છે.

# ગણપત યુનિવર્સિટીના આંગણે આજથી "સતરંગ-યુથ ફેસ્ટિવલ-૨૦૨૨"

**ઈન્ડિયન આઈડોલ ફેઈમ સવાઈ ભટ્ટ, ગાયિકા સંતવાણી ત્રિવેદી અને સંગીતકાર જયકર ભોજક બનશે ખાસ મહેમાન : યુનિ.ની ૧૪ કોલેજ અને ૨ શાળાના મળી ૬૦૦થી વધારે વિદ્યાર્થી-કલાકારો સહભાગી બનશે**

ગણપતવિદ્યાનગર, તા. ૨૪

આવતીકાલથી ગણપત યુનિવર્સિટીના આંગણે યોજાઈ રહ્યો છે તેનો ૧૦મો "સતરંગ યુથ ફેસ્ટિવલ-૨૦૨૨" તારીખ ૨૫ અને ૨૬ માર્ચ, ૨૦૨૨ દરમિયાન ઉજવાઈ રહેલા આ સતરંગ યુથ ફેસ્ટિવલમાં લિટરેચર, મ્યુઝિક, ડાન્સ, ડ્રામા અને ફાઈન-આર્ટસની વિવિધ સ્પર્ધાઓ અને પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગણપત યુનિવર્સિટીની ૧૪ કોલેજો અને બે શાળાઓના મળીને ૬૦૦ થી પણ વધારે વિદ્યાર્થી-કલાકારો ભાગ લઈ પોતાની સર્જનાત્મક પ્રતિભાનો પરિચય કરાવશે.

આવતીકાલે સવારે ૯.૪૫ કલાકથી સૌ કલાકાર વિદ્યાર્થીઓનું એક કલાત્મક પરફોરમન્સ સાથેનું પ્રોસેશન યુનિ.ની ડિપ્લોમાં કોલેજ પાસેથી નીકળીને યુનિ.ના ઓપન-એર થિયેટર સુધી જશે જેને મહેમાન મહાનુભાવો અને હજારો વિદ્યાર્થીઓ નિહાળીને કલાકારોને ચિયર-અપ કરશે ને પ્રોત્સાહન આપશે. લગભગ સાડા દસ વાગ્યાથી ગણપત યુનિવર્સિટીના "શ્રી મોતીભાઈ પટેલ ઓનપનએર થિયેટર" ખાતે 'સતરંગ'ના ઉદ્ઘાટન સમારોહનો પ્રારંભ થશે.




કાંઠા પ્રાથમિક શાળા, કલોલ ખાતે ૧૨ થી ૧૪ વર્ષના બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું હતું. જેમાં આરોગ્ય કર્મચારી તથા શાળાના આચાર્ય સંજયકુમાર એલ. ભગોરા તથા શાળાનો સમગ્ર સ્ટાફે આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# આગામી ૨-૩ મહિનામાં સ્ક્રેપ પોલિસીની શરૂઆત થશે

**સમગ્ર ગુજરાતમાં ૪૧ લાખથી વધારે વાહનો સ્ક્રેપમાં જશે**

અમદાવાદ, તા.૨૪

આગામી ૨-૩ મહિનામાં સ્ક્રેપ પોલિસીની શરૂઆત થશે. તેમાંથી સૌથી વધુ અમદાવાદમાં ૨૦ લાખ વાહનો સ્ક્રેપમાં જશે અને રાજ્યના ૪૧ લાખ ૨૦ હજાર ૪૫૧ વાહનો સ્ક્રેપમાં જશે. સ્ક્રેપ પોલિસી હેઠળ ૪૧ લાખથી વધુ વાહનો સ્ક્રેપમાં જશે. બજેટમાં ૨૦ વર્ષ જૂનાં ખાનગી અને ૧૫ વર્ષ જૂનાં કોમર્શિયલ વાહનો માટે સ્ક્રેપ પોલિસી જાહેર કરી હતી, જે અંતર્ગત અમદાવાદ શહેર-જિલ્લામાં અંદાજે જૂના કોમર્શિયલ ૪.૫૦ લાખ, ખાનગી ૧૪.૫૦ લાખ મળી ૨૦ લાખ વાહન સ્ક્રેપમાં જશે. જાણવા મળી રહ્યું છે કે, બજેટમાં કેન્દ્ર સરકારની સ્ક્રેપ પોલિસી હેઠળ અમદાવાદમાં નોંધાયેલી અંદાજે ૭.૫૯ લાખ કારમાંથી ૧.૨૮ લાખ ૨૦ વર્ષ કે તેથી વધુ જૂની હોવાથી સ્ક્રેપમાં કાઢવી પડશે. એજ રીતે ૨૦ હજારમાંથી ૧૯ હજાર સરકારી બસ અને ૨૮ હજારથી વધુ ટ્રક પણ સ્ક્રેપમાં જશે. ટ્રાન્સપોર્ટ વાહનોમાં ૯૬.૦૭ ટકા સરકારી બસો, ૯૭.૨ ટકા પોલીસવાન, ૯૯.૯ ટકા ટ્રેલર અને ૮૭.૫ ટકા ટેક્ટર ઉપરાંત ખાનગી વાહનોમાં ૧૭ ટકા કાર, ૨૨.૨ ટકા મોટરસાઈકલ, ૬૩.૭૫ ટકા મોપેડ અને ૪૦.૬ ટકા ટ્રેક્ટર વાહનો સ્ક્રેપમાં જશે.

અગાઉ અમદાવાદ આરટીઓમાં મહેસાણા, હિંમતનગર અને ગાંધીનગર જિલ્લાના વાહનો પણ રજિસ્ટ્રેશન થતાં હતાં. આ પછી સમયાંતરે આરટીઓ કચેરી બનતા વાહન અને લાઈસન્સની વિવિધ કામગીરી અલગ થઈ હતી. વાહન વ્યવહાર વિભાગના આંકડાને આધારે સ્ક્રેપ વાહનોનો અંદાજ કઢાયો છે.

ઉપરોક્ત આંકડા અમદાવાદ આરટીઓમાં ૧૯૬૪-૬૫થી આજ સુધી નોંધાયેલા આંકડામાંથી ૧૫ વર્ષ જૂના કોમર્શિયલ વાહનો અને ૨૦ વર્ષ જૂના ખાનગી વાહનોનો આંકડો બાદ કરીને સ્ક્રેપના વાહનોનો આંકડો મેળવવામાં આવ્યો હતો.

# AAPએ જીતુ વાઘાણીને ડિબેટ કરવા ચેલેન્જ ફેંકી

**કેજરીવાલ સરકાર પર ગુજરાત ભાજપે સવાલ કર્યા : ગુજરાત ભાજપ દ્વારા દિલ્હી સરકારની શિક્ષકો સામેની નીતિ સામે સવાલ ઉઠાવ્યા બાદ રાજકારણ ગરમાયું છે**

અમદાવાદ, તા.૨૪

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી અને ગુજરાતમાં વર્ષના અંતમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકારણ ગરમાઈ રહ્યું છે. આવામાં ભાજપ દ્વારે દિલ્હીમાં કેજરીવાલના નેતૃત્વ સામે સવાલ ઉઠાવ્યા બાદ રાજકીય મુદ્દો વધારે ગરમાયો છે.

ભાજપે કેજરીવાલ સરકારના રાજમાં શિક્ષકો ધરણા પર બેઠા હોવાનો મુદ્દો ઉઠાવ્યો છે ત્યારે આપ દ્વારા આ મુદ્દા પર વળતો જવાબ આપવામાં આવ્યો છે. દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાએ આ મામલે ગુજરાતના શિક્ષણમંત્રી જીતુ વાઘાણીને ડિબેટ માટે ચેલેન્જ આપી દીધી છે.

ભાજપ દ્વારા ઉપરાછાપરી ચાર ટ્વીટ કરવામાં આવ્યા છે કે જેમાં દિલ્હીની કેજરીવાલ સરકારની શિક્ષણ નીતિ સામે સવાલ ઉઠાવવામાં આવ્યા છે. જેમાં ગેસ્ટ ટીચર્સની નોકરી પર રબર માર્યું!, કેજરીવાલની એજ્યુકેશન સિસ્ટમ ફેલ!, વોકેશનલ ટ્રેનર્સના વોકેશનનું શું?, સ્કૂલની જગ્યાએ શિક્ષકો રોડ પર.. જેવા મુદ્દે ટ્વીટ કરીને સવાલ ઉઠાવ્યા છે.

ભાજપે એક ટ્વીટમાં સવાલ ઉઠાવ્યો છે કે, "દિલ્હીની એજ્યુકેશન સિસ્ટમ આટલી જ સારી હોય તો ગેસ્ટ ટીચર્સ, વોકેશનલ ટ્રેનર્સ અને આંગણવાડી કાર્યકરો સરકાર વિરુદ્ધ કેમ ધરણા પર બેસી રહ્યા છે?" ભાજપ દ્વારા ઉઠાવવામાં આવેલા સવાલોનો આજે આપના નેતા અને દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાએ વળતો જવાબ આપ્યો છે. જેમાં તેમણે પણ ટ્વીટ કરીને લખ્યું છે કે, ભાજપ આપની સળતા જોઈને ફફડી રહ્યો છે.

સિસોદિયાએ ગુરુવારે ટ્વીટ કરીને લખ્યું છે કે, ગઈકાલથી ગુજરાત ભાજપ દિલ્હી સ્કૂલોની સામે ટ્વીટ કરી રહ્યો છે. ગુજરાતમાં 'આપ'ના વધતા પ્રભાવ અને પંજાબ ચૂંટણીના પરિણામોથી તમે ફફડી રહ્યા છો. આ પછી સિસોદિયાએ દિલ્હી સરકાર પર ઉઠાવામાં આવી રહેલા સવાલો પર ગુજરાતના શિક્ષણમંત્રીને ચર્ચામાં ઉતરવા માટે પડકાર ફેંક્યો છે. સિસોદિયાએ લખ્યું છે કે, "ભાજપ શિક્ષણની વાત ના કરે તો સારું છે. ગુજરાતના શિક્ષમંત્રી જીતુ વાઘાણીને ડિબેટ માટે ચેલેન્જ કરું છું. સ્થળ અને સમય તમારો.."

તાજેતરમાં પાંચ રાજ્યોમાં થયેલી ચૂંટણીના પરિણામ આવ્યા જેમાં યુપી સહિત ચાર રાજ્યોમાં ગુજરાતે બાજી મારી પરંતુ દિલ્હી બાદ પંજાબમાં આપે સરકાર બનાવીને રાજકીય પંડીતોને વિચારતા કરી મૂક્યા હતા. આવામાં હવે આગામી સમયમાં ગુજરાતમાં ચૂંટણી આવી રહી છે ત્યારે આપ અહીં પણ કંઈક નવાજૂની કરવા માટે પુરતા પ્રયાસ કરી શકે છે.

# સ્લીપ એપનિયાથી સ્વાસ રૂંધાય છે અને ઓક્સિજનનું પ્રમાણ ઘટે છે

ગાંધીનગર, તા. ૨૪

માનવી પોતાના જીવનનો ૩૩ ટકા ભાગ ઊંઘમાં વિતાવે છે. ઊંઘ શારિરીક અને માનસિક સ્વાસ્થ્ય માટે ખુબ જરૂરી છે. આજકાલની ભાગદોડવાળી વ્યસ્ત જીવનશૈલીમાં મોટાભાગે આપણે પુરતી ઊંઘ લઈ શકતા નથી. ખાસ કરીને યુવાનોમાં ઈન્ટરનેટનો વધુ પડતો ઉપયોગ ઊંઘના સમય અને ઊંઘના કલાકોને અનિયમિત કરે છે. ૧૮ માર્ચ વર્લ્ડ સ્લીપ ડે નિમિત્તે ડૉ. વૈશલ શેઠ કે જે શહેરના ખ્યાતનામ ફેફસાના અને ઊંઘ સંબંધિત રોગોના નિષ્ણાંત છે. જેમણે લોકોના ઊંઘ અને તેમના લગતા રોગોની જાગૃતિ ફેલાય તે હેતુથી પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરેલુ હતુ. ઊંઘ સંબંધિત ઘણી બધી બિમારીઓમાં ઓએસએ (ઓબિસ્ટ્રકચિવ સ્લીપ એપનિયાથી બધી જ ઊંમરના લોકોમાં ખાસ કરીને પુરૂષોમાં જોવા મળે છે. સ્લીપ એપનિયાથી પીડાતા લોકોમાં જોવા મળતા લક્ષણોમાં રાત્રે નસકોરા બોલાવવા, દિવસ દરમ્યાન થાક કે ઊંઘનો અનુભવ, એકાગ્રતા ઓછી થવી, ચીડિયાપણુ અને દવા લેવા છતાં કાબુમાં ન રહેતા ડાયાબિટિસ અને હાઈપર ટેન્શન જેવા રોગો હોય છે. સ્લીપ એપનિયાના દર્દીઓમાં રાત્રે શ્વાસ રૂંધાય છે અને ઓક્સિજનનું પ્રમાણ ઘટે છે.

## હળવે હૈયે

● અનુસંધાન ચોથાનું ચાલુ...

મહુડી ઘંટાકર્ણ મહાવીરનાં દર્શને ગયેલા પૈકી ઘણાએ, ત્યાં મુખ્ય મંદિરની પાસે જ, ઊંચે લટકાવેલો મોટો ઘંટ વગાડવાનું સાહસ, અઘરી સીડી ચડીને ખેડયું હશે અને 'ફક્ત એક જ ટકોરો' ની સૂચના મુજબ 'ઘંટારવ'નો આનંદ નક્કી લીધો જ હશે.

લંડનમાં સેંટ પોલ કેથેડ્રલ ચર્ચનો ૧૮૮૧માં બનેલો ૧૬.૫ ટનનો મહાકાળ ઘંટ અમે જોયો છે. જો કે ૨૦૧૨ની લંડન ઓલિમ્પિક માટે બનાવાયેલો 'ઓલિમ્પિક બેલ' આનાથી મોટો હતો એવું કહેવાય છે. બેલ ટાવરો પૈકી સૌથી મોટો બેલ એટલે બીગબન ટાવર બેલ, લંડન. તો મ્યાનમારા (બર્મા)ના માડન્લેમાં આવેલો ૬૨ ટનનો બેલ દુનિયાનો ચાલુ હાલતમાં હોય એવો સૌથી જૂનો 'ધી મિંગલ બેલ' ગણાય છે.

'ફિલાડેલ્ફિયામાં આવેલ લીબર્ટી બેલ' અમેરિકાની સ્વતંત્રતાનો પ્રતીક છે. પહેલાં જ ટેસ્ટીંગમાં એમાં ક્રેક પડી ગયેલી. ટાવર ઓફ ઈન્ડિપેન્ડેન્સ હોલ સામે પ્રદર્શિત કરાયેલ આ લીબર્ટી હોલ 'વર્થ વિઝિટિંગ' છે, અલબત્ત ટિકિટ ખર્ચા વગર નહીં, હોં કે!

પણ આ બધા મસ મોટા બેલ્સ તો આપણા માટે 'દૂરથી રળિયામણા' જેવા જ કહેવાય ને કેમ કે 'ઘંટ' હો કે વગાડવા ના મળે તો શું કામના?

અને છેલ્લે, 'ઘંટ'ની વાતો કરતાં એક ખાસ અર્થમાં કેટલીક પાકી - પહોંચેલી 'માયા' જેવી વ્યક્તિઓ માટે થતા 'ઘંટ' કે 'ગુરુ ઘંટાલ' શબ્દપ્રયોગો પણ યાદ

# વેરાન્ડા લર્નિંગ સોલ્યુશન્સ લિમિટેડનો આઈપીઓ ૨૯ માર્ચના રોજ ખુલશે

વેરાન્ડા લર્નિંગ સોલ્યુશન્સ લિમિટેડના રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેરની પ્રાઈસ બેન્ડ શેરદીઠ રૂ. ૧૩૦થી રૂ.૧૩૭ નક્કી થઈ છે : ઓફર ૨૯ માર્ચ, ૨૦૨૨ને મંગળવારે ખુલશે અને ૩૧ માર્ચ, ૨૦૨૨ને ગુરુવારે બંધ થશે



વેરાન્ડા લર્નિંગ સોલ્યુશન્સ લિમિટેડ ("કંપની" અથવા "ઈશ્યૂઅર")એ એની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ ("ઓફર") ૨૯ માર્ચ, ૨૦૨૨ના રોજ લાવવાની યોજના બનાવી છે. એન્કર રોકાણકાર બિડિંગની તારીખ ૨૮ માર્ચ, ૨૦૨૨ રહેશે. ઓફરની પ્રાઈસ બેન્ડ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૩૦થી રૂ. ૧૩૭ નક્કી થઈ છે. બિડ લઘુતમ ૧૦૦ ઈક્વિટી શેર માટે અને પછી ૧૦૦ ઈક્વિટી શેરના ગુણાકમાં કરી શકાશે. ઓફર ઈશ્યૂઅરનાં કુલ રૂ. ૨,૦૦૦ મિલિયન સુધીના રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર") ધરાવશે.

આ ઓફર સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયર્મેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૮, જેમાં થયેલા સંશોધન સાથે ("સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ")ના નિયમન ૩૧ સાથે સીક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) નિયમો, ૧૯૫૭, જેમાં થયેલા સંશોધન મુજબ ("એસસીઆરઆર")ના નિયમ ૧૯(૨)(બી)ની દ્રષ્ટિએ રજૂ કરવામાં આવી છે. આ ઓફર સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સના નિયમન ૬(૨) સાથે સુસંગત રીતે બુક બિલ્ડિંગ પ્રક્રિયા મારફતે કરવામાં આવી છે, જેમાં ઓફરનો મહત્તમ ૭૫ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ ("QIBs") ("QIB પોર્શન")ને ફાળવવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેમાં શરત એ છે કે, અમારી કંપની અને પ્રમોટર વિક્રેતા શેરધારક મ્ઈન્સ સાથે ચર્ચા કરીને ક્યુઆઈબી પોર્શનનો ૬૦ ટકા સુધીનો હિસ્સો એન્કર રોકાણકારોને ફાળવી શકે છે ("એન્કર રોકાણકાર પોર્શન").

## કાર્યરત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ બેઠકમાં રંગમંચના બુકિંગના હાલના જે નિયમો છે તેમાં પાંચ જેટલા સુધારા જરૂરી જણાતાં તે સુધારા કરવામાં આવ્યા છે.

ચેરમેન પટેલે જણાવ્યુ હતુ કે મનપામાં મેન પાવર સેવાઓ પૂરી પાડનાર ઈજારદારની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. આ વખતે આ અંગેની ટેન્ડર પ્રક્રિયા તેના અંતિમ તબક્કામાં છે. ૬૪ જેટલી એજન્સીઓએ ટેન્ડર ભર્યા છે. આ પૈકી હવે ક્વોલીફાય કેટલા થાય છે અને પછી બીડ ખુલશે એટલે એકાદ માસ જેટલો સમય જશે.

આજની બેઠકમાં ગોવા ખાતે તાલિમમાં કાઉન્સીલરોને મોકલવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે. આ ઉપરાંત ટી.પી. નં. ૭ માં એલ.આઈ.સી.ને તેની કચેરી માટે પ્લોટ ફાળવવાનો પણ નિર્ણય લેવાયો છે જે અગાઉની બેઠકમાં મુલ્તવી રાખવામાં આવ્યો હતો.

## આક્રોશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પમ્પ પણ કાર્યરત કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. આ મામલે તંત્ર દ્વારા યુ જી વી સી એલને પાવર લોડ વધારવા માટે પણ અરજી કરવામાં આવી છે. જયારે જાસપુર પ્લાન્ટમાં પણ પાણીની ખપત વધી છે. આસપાસના ગામોમાં સપ્લાય થતા પાણી પુરવઠાના અંતે એકંદરે ચરેડીમાં સપ્લાય થતો પુરવઠો પણ હાલની સ્થિતિએ પ્રભાવિત થયો છે. આ સ્થિતિ વચ્ચે ચરેડી પમ્પીંગ સ્ટેશન આધારિત જુના સેકટરોમાં થતા પાણીનો સપ્લાય ઘટયો છે. અલબત્ત જુના સેકટરોમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ ઉઠવા પામ્યો છે. એકબાજુ ઉનાળાની આકરી ગરમીમાં પાણીનો વપરાશ વધ્યો છે. હાલની સ્થિતિએ પ્રતિદિન શહેરમાં અંદાજિત ૬૫ એમ એલ ડી જેટલુ પાણી સપ્લાય કરવામાં આવે છે ત્યારે પાણી શુદ્ધિકરણની પ્રક્રીયામાં પણ વધુ સમય જતો હોવાના લીધે જુના સેકટરોમાં પાણીનો ફોર્સ ઘટયો હોવાનુ મનાઈ રહ્યુ છે. પાણી વિભાગના અધિકારીઓના જણાંવ્યા મુજબ જુના સેકટરોમાં ચરેડી વોટર વર્કસ આધારિત સપ્લાય આપવામાં આવી રહ્યો છે જયારે અગાઉ રાત્રિના ૯ વાગ્યા સુધીમાં પાણીનુ સ્ટોરેજ થઈ જતુ હતુ જે હાલ ૨ વાગ્યા સુધી પણ થતુ નથી જેના લીધે મુખ્યલાઈનમાં સપ્લાય સમયસર આપી શકાતો નથી. જો કે આ મામલે ટુંકમાં ક્ષતિનુ નિવારણ આવી જશે તેમ પણ મનાઈ રહ્યુ છે. પરંતુ હાલ તપતી ગરમી વચ્ચે જુના સેકટરોમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. પાણી આવે છે પરંતુ પુરતા ફોર્સથી આવતુ ન હોવાનો રોષ સેકટરવાસીઓમાં પ્રબળ બન્યો છે.

## હીટવેવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર સહિત રાજયના બાનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, પાટણમાં હીટવેવના કારણે ગરમીનો પારો ઊંચો જશે. આ દિવસે સૌરાષ્ટ્રના અમરેલી, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, રાજકોટ અને કચ્છ તથા દીવમાં પણ હીટવેવના કારણે ગરમીનું પ્રમાણ ઊંચું રહેશે. જ્યારે ૨૮ માર્ચે પણ ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં હીટવેવની અસર રહેશે.

હવામાન વિભાગે કરેલી હીટવેવની આગાહી સાથે એક્સપર્ટ્સ દ્વારા સલાહ આપવામાં આવી છે કે, સામાન્ય સ્વસ્થ વ્યક્તિ માટે હીટવેવ દરમિયાન ગરમી સ્વાસ્થ્ય પર હળવી ખરાબ અસર કરી શકે છે. જોકે તાજેતરમાં જન્મેલા બાળકો, ઘરડી વ્યક્તિ અને જેઓ ગંભીર બીમારીથી પીડાય છે તેમણે ખાસ સાવધાની રાખવાની જરુર છે.

હીટવેવ દરમિયાન પડતી આકરી ગરમીના લીધે થનારી તકલીફોથી બચવા માટે બપોરના સમયે લાંબા સમય માટે સીધા સૂર્ય પ્રકાશના સંપર્કમાં રહેવાનું ટાળવું જોઈએ, આ સિવાય હળવા રંગના સૂતરાઉના કપડા પહેરવા જોઈએ અને બહાર નીકળવું જરુરી હોય તો માથું ઢંકાયેલું રાખવું જોઈએ. યલો એલર્ટ દરમિયાન શરીરમાં પાણી ઓછું ના થઈ જાય તેની પણ કાળજી રાખવી જોઈએ. આ માટે છાશ, પાણીવાળા ફ્રૂટ, લીંબુ પાણી વગેરેનો ઉપયોગ કરી શકાય છે.